# SHREE VASISHTHA VIDHYALAYA

## (Gujarati Medium/Bilingual Medium)



# " કેળવણી : બાળઘડતરની દીવાદાંડી ..."

## "સમય" (Time)

**Date : 14-06-2024 થી 21-06-2024**

**"સમય" જીવનનો સૌથી મોટો ગુરુ છે.**

**આત્મીય વાલીશ્રી અને વહાલાં વિદ્યાર્થી મિત્રો,**

- ❖ આપણી શાળામાં સાંપ્રત વર્ષે "કેળવણી: બાળશિક્ષણની દીવાદાંડી..." શિર્ષક તળે બાળકોમાં વેલ્યુ અને સ્કીલ ડેવલપ થાય તે માટે અલગ અલગ મહીને બે વેલ્યુ કે સ્કીલનું બાળકોમાં વાવેતર કરવામાં આવશે. જે થીમ પર બાળકોએ શાળાનાં માર્ગદર્શન પ્રમાણે શાળામાં અને પોતાના ઘરે સર્જનાત્મક પ્રવૃત્તિ કરવાની રહેશે. જેના થકી તેમનામાં વેલ્યુ અને સ્કીલનો વિકાસ થઈ શકે.
- ❖ આ સત્રના આરંભે જૂન મહિનામાં 'સમય' અને 'સત્ય' વિશેના વિચારનું બાળકોમાં વાવેતર થશે. બાળકોએ આ વિચારને અનુલક્ષીને શાળાનાં માર્ગદર્શન મુજબ શાળામાં અને ઘરે પ્રવૃત્તિઓ કરવાની રહેશે.
- ❖ કોઈપણ વિદ્યાર્થીના જીવનમાં સમયનું મૂલ્ય ઘણું વધારે હોય છે, કારણ કે આ જ જીવનમાં તે સાચા-ખોટાની ઓળખ સમજવા લાગે છે. વિદ્યાર્થી સમયના પાબંધ અને શિસ્તબદ્ધ હોય તે ખૂબ જ જરૂરી છે. જો આપણે સમય વિશે જાગૃત છીએ, તો આપણે અન્ય લોકોને પણ સમયના મહત્વ વિશે જાગૃત કરવા જોઈએ. જ્યારે આપણે વિદ્યાર્થી જીવનમાં આપણા આ કિંમતી સમય વિશે જાણીએ છીએ, ત્યારે આપણે આપણા સમયનો સદ્ઉપયોગ કરી શકીએ છીએ અને આપણા જીવનમાં સફળતા મેળવી શકીએ છીએ. જે વ્યક્તિ સમયનું મહત્વ જાણે છે તે પોતાનું કામ ક્યારેય મુલતવી રાખતો નથી. તે તેના દરેક કામ સમયસર પૂરા કરવાનો પૂરો પ્રયાસ કરે છે.

➢ **નોંધ:- દરેક વાલીશ્રીઓને ખાસ વિનંતી કે આપના બાળકમાં જયારે વેલ્યુ એજ્યુકેશન ડેવલપ થઈ રહ્યું છે ત્યારે આપ સંપૂર્ણ સજાગ બનીને બાળક દરેક પ્રવૃત્તિ રસપૂર્વક કરે તે માટે સહકાર આપશો. તેમજ જરૂર પડે તો તેમને માર્ગદર્શન આપીને પ્રોત્સાહિત કરશો તેવી નમ્ર અભ્યર્થના...**

PTO

| ક્રમ | "સમય" થીમ પર વર્ગ શિક્ષક અને બાળકે શાળામાં કરવાની પ્રવૃત્તિ |
|---|---|
| 1 | વર્ગશિક્ષકે બાળકોના સહયોગથી "સમય"ના થીમ પર વર્ગના અને લોબીના બુલેટીન બોર્ડ પર લખાણ કે અન્ય સાહિત્ય મૂકવું. |
| 2 | વર્ગશિક્ષકે પ્રાર્થના સભામાં "સમય"ના થીમ પર બાળકો પાસે પ્રવૃત્તિ કરાવવાની રહેશે. |
| 3 | વર્ગમાં વર્ગ શિક્ષકે કે વિષય શિક્ષકે અનુકૂળતા મુજબ વિષય વસ્તુની સાથે સમયનું મહત્ત્વ સમજાવવું. |

## "સમય"ના થીમ પર બાળકે ઘરે કરવાની પ્રવૃત્તિ

પિતા એટલે ધગધગતો સૂર્ય, જે પરસેવો પડાવે પણ જીવનને તે જ ચલાવે. પિતા એટલે મજબૂત કાષ્ઠ, જે વાગે ઘણું પણ વિપત્તિનો સમુદ્ર પાર પણ કરાવે.પિતા એટલે લાબું મૌન, જે કળવું કઠિન પણ શબ્દથી વધુ અસરદાર. પિતા એટલે ઊંડા પાયા, જે જોવા ન મળે પણ તેનાં વિના બધું નિરાધાર. પિતા એટલે કપરી મહેનત, જે સમગ્ર શરીર-મનને થકાવે પણ અંતે અપાવે સફળતા. પિતા એટલે તત્વજ્ઞાન, જે સમજવું અટપટું પણ સમજાવે જીવનની ગહનતા. આપણા સહુના જીવનનો આધારસ્થંભ સમાં પિતાજીની સાથે અમૂલ્ય સમય વિતાવીને પ્રેમના તાંતણાને વધુ પરિપક્વ બનાવીએ.

* વિદ્યાર્થી મિત્રો નીચે આપેલ પ્રવૃત્તિ કરીએ અને પિતા સાથે સમય વિતાવીએ.

| No. | Date | Day | Fathers Day Week Celebration |
|---|---|---|---|
| 1 | 14-06-2024 | શુક્રવાર | પપ્પા સાથે કોઈ એક વસ્તુ જાતે બનાવવી ( મમ્મીની મદદ લેવી ) |
| 2 | 15-06-2024 | શનિવાર | પપ્પા સાથે કોઈ એક ગીત પર ડાન્સ કરવો અથવા પપ્પા સાથે કોઈ એક ગીત / ભજન ગાવું . |
| 3 | 16-06-2024 | રવિવાર | પપ્પા સાથે એકલા બહાર ફરવા જવું કે પપ્પા સાથે કોઈ એક વાનગી / ખાવાની વસ્તુ બનાવી મમ્મીને ખવડાવવી. |
| 4 | 17-06-2024 | સોમવાર | પપ્પા સાથે કોઈપણ એક રમત / ગેમ રમવી અને પપ્પાને ફાધર્સ ડે નિમિત્તે કાર્ડ આપવું. |
| 5 | 18-06-2024 | મંગળવાર | પપ્પાને રાત્રિ ભોજન પીરસવું / પપ્પાને પ્રેમથી જમાડવા. |
| 6 | 19-06-2024 | બુધવાર | પપ્પા સાથે 30 મિનિટ અન્ય પુસ્તકનું વાંચન કરવું. |
| 7 | 20-06-2024 | ગુરુવાર | પપ્પાના શૂઝ પોલીસ કરવા કે સાફ કરી આપવા. |

# સહકાર બદલ આભાર

